સૌની નિસ્બત

સલામત બાળપણ - સમૃધ્ધ બાળપણ

અંક : ૧૨ -માર્ચ-૨૦૧૮

શૈશવ

પરિવર્તનનું નેતૃત્વ બાળકો દ્વારા



પ્રેમની શરૂઆત ઘરથી થાય છે. અને આપણે કેટલુ કરીએ છીએ તે નહી

પરંતુ કેટલા પ્રેમપૂર્વક તે કરીએ છીએ તે અગત્યનું છે.

તો ચાલો આપણે હંમેશા પરસ્પર સ્મિત સાથે મળીએ,

કેમકે સ્મિત તે પ્રેમની શરૂઆત છે અને એક વખત આપણે

પરસ્પર સ્વાભાવિક પ્રેમ આપીશું તો આપણે કંઈક કરવા ઈચ્છીશું.

– મધર ટેરેસા

જે બાળકને જન્મ આપ્યો, તેને જીવાડવા ચાહો છો ખરા?

ભવિષ્યની પેઢી માટે લોકપાલ નીમવાનો સમય પાકી ગયો છે!

'મારી ઉંમર નહિ મારા કામને જુઓ' માત્ર બાર વર્ષની ઉંમરે મૃત્યુશૈયા પર સુતેલા વિશ્વને જાગ્રત કરવાનો નિર્ધાર કરનારી યુએઈ સ્થિત ભારતીય એવી કહેકશાં બાસુએ માત્ર ચાર જ વર્ષમાં પિસ્તાલીસ જેટલી આંતરરાષ્ટ્રીય પરિષદોમાં વકતવ્ય આપીને જગતને ચકાચોંધ કરી દીધું છે. નાની વયની આ છોકરીના વિચારોએ વિચારકોને આંચકો આપ્યો છે, એના કાર્યોએ જગતને નવી દિશા આપી છે.

માંડ આઠ વર્ષની હતી, ત્યારે કહેકશાં બાસુએ પર્યાવરણના રક્ષણ માટે પ્રયત્નોનો પ્રારંભ કર્યો. પોતાની પડોશમાં પડેલ કચરાને રિસાઈકલિંગ કરીને પર્યાવરણના રક્ષણ માટે જાગૃતિ કેળવવાનો પ્રયાસ કર્યો. કહેકશાંની વય નાની હતી, પણ સ્વપ્ના વિરાટ હતા. કાર્ય કરીને સિદ્ધિ મેળવવા સિવાય જંપે નહી. માત્ર બાર વર્ષની વયે પર્યાવરણ જાગૃતિ માટે 'ગ્રીન હોપ' નામના સંગઠનની સ્થાપના કરી. એના મનમાં વિખ્યાત નવલકથા લેખિકા પર્લ બકનુ એ વિધાન સતત ગૂંજયા કરતું હતું કે, 'યુવાનોમાં પૂરતું દુરદેશીપણું નથી હોતું, તેથી તેઓ અશકયને શકય બનાવવાની કોશિષ કરે છે અને પેઢી દર પેઢી તેને સિદ્ધ કરે છે.'

કહેકશાં માટે પર્લ બકનુ આ વિધાન જીવનકાર્યનો ધ્યેય મંત્ર બની ગયું અને એણે બાર વર્ષની વયે સ્થાપેલા 'ગ્રીન હોપ' સંગઠન દ્વારા કચરો એકઠો કરવાનું, દરિયાકિનારાને સાફ કરવાનું અને પર્યાવરણ અંગે જાગૃતિ કેળવવાનું કામ કરવા લાગી.

જગત પર ઝળુંબતી પ્રદુષણની કાળમુખી સમસ્યાના ઉકેલ માટે કહેકશાંએ કેટલીક ઝુંબેશ ચલાવી અને દેશ વિદેશની જુદી જુદી મહાસભાઓમાં બાલિકાની હૃદય સ્પર્શી બોલીમાં વકતવ્યો આપ્યા. આજે એની ગ્રીન હોપ સંસ્થા દસ દેશોમાં કાર્યશીલ છે. અને એક હજાર જેટલા સ્વયંસેવકો એને માટે સતત કાર્ય કરી રહયા છે. બધાના મનમાં એક જ ઈચ્છા છે કે પર્યાવરણનું રક્ષણ કરીને આ જગતને વધુ બ્હેતર બનાવીએ. પર્યાવરણની અધોગતિએ બાળકો અને તેના અધિકાર માટે સૌથી મોટા ખતરારૂપ છે.આજે વિશ્વભરના બાળકો માનવસર્જિત પર્યાવરણ હોનારતોનો સામનો કરી રહયા છે. આ ઝેરી પર્યાવરણ અને હવામાંનાં થતા ચિત્ર-વિચિત્ર પરિવર્તનોને પરિણામે આપણે કલ્પના પણ ના કરી હોય, તેટલા બાળકો મૃત્યુના ખપ્પરમાં હોમાઈ જાય છે.

કહેકશાં કહે છે કે, પાંચ વર્ષથી નાની વયના ત્રીસ લાખ બાળકો માનવસર્જિત પ્રદુષણને કારણે મોતના મુખમાં ધકેલાય જાય છે. બીજી બાજુ વિનાશક પૂર, કારમો દુષ્કાળ અને આપતિઓ લાવતા વાવાઝોડાંને કારણે માનવી વધુને વધુ બેસહારા બનતો જાય છે. એવી કુદરતી આફતોને પરિણામે એના કાયમી બાંધકામો માટીમાં મળી જાય છે. નિવાસસ્થાનોના નાશના કારણે બેઘર બની જાય છે. અન્ન અને પાણીનો પુરવઠો ઓછો થાય છે. અને કેટલાય કુંટુબોને પોતાના ઘરબાર છોડી દર-બદર ભટકવું પડે છે.અતિવૃષ્ટિ અને હવામાનમાં થતા ફેરફારોથી જનસામાન્યના આરોગ્ય પર વિપરીત અસર પડે છે.વળી પાણી દુષિત બનતા પાણીજન્ય રોગો વધે છે.એમાં પણ નાના બાળકો પાણી જન્ય અને આરોગ્ય સંબંધી મેલેરીયા,મરડો

જેવા રોગોને કારણે મૃત્યુ પામતા હોય છે. જે બાળકોને તમે જન્મ આપ્યો છે, તે બાળકને તમે જીવાડવા ચાહતા હો તો તેની પ્રાથમિક શરત તંદુરસ્ત પર્યાવરણ છે.

નાનામાં નાના બાળકોનું પૃથ્વીનાં ગ્રહના રક્ષણનુ શિક્ષણ આપવા માટે કહેકશાં કટિબધ છે ' ધ ટ્રી ઓફ હોપ' નામે પુસ્તક લખીને એણે બાળકો અને યુવાનોને વાતાવરણના ફેરફારના ઘટાડા માટે કરેલા પ્રયત્નોનો આલેખ આપ્યો છે.

કહેકશાં કોલકતાના મધર ટેરેસા હોમની મુલાકાતે આવી એ સમયે અણે ઝુંપડપટ્ટીના બાળકોની ગરીબાઈ જોઈ અને એનું હૈયું હચમચી ઉઠયું. એણે નકકી કર્યુ કે, એ બાળકોની પીડાને હળવી કરવા અને તેમના રક્ષણ માટે તમામ પ્રયત્નો કરી છુટશે. ૨૦૧૨માં બ્રાઝિલમાં 'અર્થ સમિટ' યોજાઈ આ 'અર્થ સમિટ'મા આવેલા આંતરરાષ્ટ્રીય ડેલીગેટમાં ૧૨ વર્ષની કહેકશાં સૌથી નાની ડેલીગેટ હતી અને 'અર્થ સમિટ'મા સંપૂર્ણ હાજરી વાળા, યુનિર્વસલ સેશનમાં એણે સમાપન વકતવ્યમાં આપેલુ વકતવ્ય નેતાઓ, વિચારકો અને સહુ કોઈની ઉંઘ ઉડાડી ગયુ. એણે કહયું,:''માનનીય પ્રધાનો, પ્રતિષ્ઠિતિ ડેલીગેટસ, સન્નારીઓ અને સજ્જનો, મારુ નામ કહેકશાં બાસુ છે. મારી ઉમર ૧૨ વર્ષની છે અને હું બાળકો અને યુવાનો માટેની યુ.એન.ઈ.સીની ગ્લોબલ કોઓર્ડિનેટર છું ખરેખર આ સમય કંઈક વિચિત્ર છે. આ ગ્લોબલ વોર્મિંગ, કાર્બનના ગેસથી થતી ગુંગળામણ અને જંગલોનુ નિકંદન નિકળી રહયુ છે. તેવા સમયમાં આજે બાળકો પર શબ્દોથી તોપગોળાની વર્ષા થાય છે. આ ડરામણી શબ્દ રચના સંપૂર્ણપણે સદીઓ પહેલા અસંગત હતી, પણ એની અગત્યતા માટે આપણે આપણી જાતને દોષ દીધા સિવાય બીજુ કંઈ કરી શકીએ તેમ નથી. આજે આપણે 'ફર્સ્ટ યુનિર્વસલ સેશન ઓફ ધ ગવર્નિંગ કાઉન્સિલ' ના સમાપન સમયે આવીને ઉભા છીએ અને હુ તમારી સમક્ષ એક પ્રશ્ન પ્રસ્તુત કરુ છું.

''બાળકો માટે અને મારા જેવા માટે તમે કેવા પ્રકારનુ ભવિષ્ય મુકી જવાના છો?''

દરરોજ, પ્રત્યેક મિનીટે આપણે સરોવર, જળાશય કે જંગલો માટે સમાધિ-લેખ(કબરો પરનુ લેખાંકન) લખી રહયા છીએ. એક સમયે શુધ્ધ જળથી ધસમસતી ગંગામૈયા હિમાલયમાંથી વહેતી બંગાળના અખાતે પહોંચતી હતી, જે આજે ગંધાતી ગટરો જેવી બની ગઈ છે. અસંખ્ય ડેમોને લીધે ઘુઘવતી નદીઓએ પોતાના મુળ રસ્તાઓ બદલી નાખ્યા છે. હિમાલયની હિમાચ્છાદીત હારમાળાઓ આજે નિરસ ચોકના કટકાઓ જેવી ભાસે છે. પ્રાચીન કાળનુ શકિતહીન થયેલ ઐતિહાસિક પક્ષી કદાચ અત્યારે હોય, તો તે એવી કલ્પના કરી આંનદીત થવા લાગે છે કે તેને હવે થોડા સમયમાં વાઘ, સિંહ અને પાંડાની સોબત મળી રહેશે. કેસ્પીઅન સમુદ્ર હવે સમુદ્રને બદલે સરોવર જેવો બની ગયો છે.''જયારે રોજ લાખો લોકો ભુખ્યા રહે છે, ત્યારે આપણે ટનબંધ ખોરાક ગોદામોમાં સડવા દઈયે છીએ. હજારો બાળકો બળ બળતી ગરમીમાં થોડા ખારા પાણીની એકાદ ડોલ માટે માઈલો જેટલુ અંતર કાપે છે. આવા સમયે દુનિયા એની નોંધ પણ લેતી નથી કે નદીઓ સાવ સુકી ભઠ થઈ ગઇ છે. આપણી સામે સવાલ એ ઉભો છે કેઃ મારુ બાળક શાળાએ જતું થશે ત્યારે આવી કેટલી પ્રજાતિઓ, સરોવર, જંગલો અને નદીઓ અદ્રશ્ય થઈ ગયા હશે? ભવિષ્યની પેઢીને વારસામાં કેવા પ્રકારનુ પર્યાવરણ મળશે.?''

શું આપણી ભવિષ્યની પેઢી માટે લોકપાલ નીમવાનો સમય હવે પાકી નથી ગયો, કે જેથી આપણે માટે આવી પર્યાવરણ આફતો ફરીથી ન આવે ? આપણે શા માટે ને બદલે કયારે થી પ્રશ્ન પૂછીએ છીએ? રોબર્ટ સ્વાનના શબ્દો યાદ કરીએ એણે કહયું. આપણા ગ્રહને સૌથી મોટી ધમકી એ છે કે આપણે માનીએ છીએ કે બીજુ કોઈ તેમને બચાવી લેશે.''

હું તમને વિનવું છું કે બહું મોડું થઈ જાય એ પહેલાં પગલા લો અને ઘડિયાળના કાંટાને પાછા ફેરવો !

અમે તમને વિનતી કરીએ છીએ કે અમારી વાત પ્રત્યે બેધ્યાન ન બનો. અમને સાંભળો, અમને સામેલ કરો અમે ઈચ્છીએ એવી કાલ માટે ઘડાતી પોલીસીઓમાં તમે અમને સામેલ કરો. હું મધર ટેરેસાએ કહેલા શબ્દ ટાંકીને તમારી રજા લઈશ, ગઈ કાલ ચાલી ગઈ છે, આવતી કાલ હજી આવી નથી. આપણી પાસે ફકત આજ જ છે. ચાલો, આપણે પ્રારંભ કરીએ.

કહેકશાંના આ વકતવ્યએ અધિવેશનમાં હાજર રહેલા સહુ સભ્યોના ભીતરને હચમચાવી નાંખ્યું. આરબ રણપ્રદેશની આ વતનીએ પાણી વિશે આકરા પ્રશ્નો ઉઠાવ્યા અને બાળકોના અધિકારો અને વિશ્વની શાંતિ અંગેની સમસ્યાઓ વિશે સહુને જાગ્રત કર્યા.

એણે સ્થાપેલી ‘ ગ્રીન  હોપ’ સંસ્થા દ્વારા એ જૈવ વિવિધતાનુ સંરક્ષણ કરે છે. અને જમીનના ધોવાણ સામેના ઉપાયો આદરે છે. આઠ વર્ષની વયે કહેકશાંને એના પિતાએ જન્મદિવસની ભેટ આપવાનુ નકકી કર્યુ. એણે એ રકમ વૃક્ષારોપણમાં વાપરી. એ પછી પોતાના બાલજીવનના પ્રત્યેક મુખ્ય પ્રંસગોએ એણે વૃક્ષો વાવ્યાં છે. એ માને છે કે કાર્બનના પગલાની છાપ ભુસવા માટે આ સાદો કિંતુ અસરકારક ઉપાય છે.

ધીરે ધીરે બીજા મિત્રો પણ એને સાથ આપવા લાગ્યા. કહેકશાંને લાગ્યું કે પર્યાવરણ અંગેની જાગૃતિ સર્જવાની ચાવી શિક્ષણ વિશેની જાગૃતિમાં છે. અને આથી અભ્યાસક્રમની ગોઠવણીમાં નાગરિકની ભાગીદારી, પોલીસીનુ ઘડતર અને ટકાઉ વિકાસના ધ્યેય માટેનો અમલ અનિવાર્યપણે થવો જોઈએ. એણે તો કહયું કે, ‘આજે દુનિયામાં એક તૃતિયાંશ વસ્તી બાળકોની છે. એ બાળકો વતી પ્રોઢો વાત કરે તેમ અમે ઈચ્છતા નથી. ભવિષ્યના માર્ગની રેખા અંકિત કરવા માટે અમારી નિર્ણયાત્મક ભુમિકા હોવી જોઈએ કારણકે આજના બાળકોમાં પર્યાવરણ પ્રત્યેની વિશેષ જાગૃતિ જોવા મળે છે. ગ્લોબલ વૉર્મિંગ, કાર્બન ફુટપ્રિન્ટસ અને ઓઝન વાયુ લેયરના ઘટાડા જેવા શબ્દોનો અર્થ અને પરિણામ આજ નુ બાળક સારી રીતે સમજે છે.’

કહેકશાં બાસુના પ્રેરણાસ્ત્રોત છે મધર ટેરેસા અને ડો. અબ્દુલ કલામ. મધર ટેરેસાએ એક વખત કહયું હતું કે, ‘શાંતીનો પ્રારંભ સ્મિતથી થાય છે’ અને કહેકશાંએ વાક્ય વિશે ઉડો વિચાર કર્યો. એણે વિચાર્યુ કે પરિર્વતન લાવનારી એ મહાન સંત માનવ જુસ્સામાં આનંદની અનુભુતિની અહલેક પોકારે છે. જયારે અબ્દુલ કલામ વિશે એમ માને છે કે એમની પાસે અપ્રતિમ બુધ્ધિ પ્રતિભા હોવા છ્તાં એમની નમ્રતાથી તેઓ સહુને આકર્ષતા હાતા. તેઓ બીજા માટે જીવ્યા અને તેમણે સમાજની પ્રગતિનો જ હંમેશા ખ્યાલ રાખ્યો.

પોતાના આવા બે પ્રેરણાસ્ત્રોતને નજરમાં રાખીને કહેકશાં કામ કરી રહી છે.આઠ વર્ષની ઉંમર થી એણે પડકારોનો સામનો કરવાનુ શરૂ કર્યુ. એની સામે એક મોટો પડકાર એની નાની ઉમર હતી. અણે જોયુ કે સુસંસ્કૃત સમાજ પણ સામાન્ય રીતે યુવાનોના સામર્થ્ય અને ધગશને માટે અવિશ્વાસ ભરી પુર્વગ્રહયુકત વિચારસરણી ધરાવે છે. આને કારણે પોતાના જીવનમાં અવરોધો આવ્યા. કેટલાકે તો એની નાની ઉંમર જોઈને ઉપેક્ષા કરવાનો પ્રયત્ન કર્યો.

કહેકશાં પોતાની જાતને ભાગ્યશાળી માને છે કે એને દુબાઈની ડેઈરા ઈન્ટરનેશનલ સ્કુલમાં અભ્યાસ કરવાની તક મળી. દુબઈ આજે વૈશ્વિક નગર બની ગયું છે. વિશ્વના એંસી જેટલા દેશોમાંથી આવેલા વિદ્યાર્થીઓ કહેકશાંની સ્કુલમાં અભ્યાસ કરે છે.

'ગ્લોબલ સિટીઝનશીપના સંર્વધન માટે સોશ્યલ મિડિયા સૌથી શકિતશાળી સાધન છે. શાળાઓ તેનો પૂરો ઉપયોગ પણ કરે છે તેમ છતા આ સોશ્યલ મિડિયા ઘણુ જોખમ ઉઠાવે છે અને તેથી જ સાઈબર સ્પેસની બુરાઈઓથી યુવાન દુર રહે તે માટે શિક્ષકોએ અસરકારક પ્રયત્નો કરવાની જરૂર છે.'


સંગીતની શોખીન કહેકશાં પિયાનો અને ગિટાર વગાડે છે, વાંચન એનો પ્રિય શોખ છે. કવિતા લખવી પંસદ છે. અને આજ સુધીમાં ત્રીસેક દેશોનો પ્રવાસ ખેડી ચુકી છે.

એ સોળ વર્ષની છોકરી પોતાના વિચારોથી ભવિષ્યના ખતરા સામે કુંભકર્ણ નિદ્રા સેવતા લોકોને જગાડવા માટે રણભેરી બજાવી રહી છે. એથી જ અણુ વૈજ્ઞાનિક બનવા ચાહતી આ છોકરી પોતાની જાતને પર્યાવરણ કાજે ઝઝુમતા લડવૈયા તરીકે ઓળખાવે છે.

(સૌજન્ય શ્રી કુમારપાળ દેસાઈ, ઈંટ અને ઈમારત વિભાગ – ગુજરાત સમાચાર ,૫ જાન્યુઆરી' ૨૦૧૭)



# કેટલાક માણસો એકાદ ઇચ્છા કે સ્વપ્નને ફળીભૂત કરવા જીવનનો દરેક શ્વાસ ન્યોછાવર કરી દેતા હોય છે






સુભાષ ભટ્ટ

**ફરિશ્તે આકે ઉન્કે જિસ્મ પર ખુશ્બૂ લગાતે હૈં,**
**વો બચ્ચે રેલ કે ડિબ્બોં મેં જો ઝાડુ લગાતે હૈં!**
**-મુનવ્વર રાણા**

આપણે ગમે એવી દાવેદારી કરીએ પણ ભારતની ચેતનાનું કેન્દ્ર સત્તા, સંપત્તિ, સમૃદ્ધિ, નામના વગેરે છે પણ ચૈતન્યથી છલોછલ બાળક નથી. વિશ્વમાં પથી ૧૪ વયજૂથના ૨૦૦ મિલ્યન બાળમજૂરો છે, એમાં ભારતમાં જ ૪.૩૫ મિલ્યન છે. એવી જ રીતે વિશ્વનાં ૨૬૩ મિલ્યન બાળકો સ્કૂલમાં નથી જતાં, એમાંનાં ૮૪ મિલિયન ભારતના છે. કદાચ એનું કારણ એ હશે કે તેમના નસીબમાં કોઈ બાઈ ફેન્ગલી જેવો બાળ દોસ્ત નહીં હોય. જેઓ 'કલામ ફૅન ક્લબ'થી પરિચિત છે તેમના માટે આ નામ અજાણ્યું નથી. આવો, આ બાળ કલ્યાણ મિત્રને ઓળખીએ.

આ બાઈ ફેન્ગલીનો જન્મ ૨૩-૫-૧૯૧૩માં ચીનના કાન્ગઝુ, હેબેઈમાં થયો હતો. ગરીબ હતો તેથી ભણ્યો નહીં એટલે તિઆન્જીન પ્રાંતમાં પૅડલ રિક્ષા ચલાવતો અને પરિવાર સાથે રહેતો. ઈ.સ. ૧૯૮૬માં જ્યારે તે ૭૪ વરસનો થયો ત્યારે શ્રમવાળી પૅડલ રિક્ષાવાળી રોજીમાંથી નિવૃત્તિ લીધી. વતનમાં જઈને વિશ્રામ લઈશ એવા મનસૂબા સાથે પાછો ફરતો હતો ત્યારે તેણે રસ્તામાં, રમવાની-મોજમસ્તીની-ભણવાની ઉંમરવાળાં બાળકોને ખેતરમાં કાળી મજૂરી કરતાં જોયાં. તેણે જાણ્યું કે ફીના અભાવે સ્કૂલમાંથી તેમને તગેડી મુકાયેલાં અથવા તો તેઓ પૈસાના અભાવે સ્કૂલમાં ગયાં જ નથી. તેની સંવેદનશીલતા અને આત્મવાનપણાને લીધે તેણે કશુંક કરવાનો સંકલ્પ કર્યો. તેને સમાજ અને જીવન પ્રત્યેની તેની નિસ્બતનો અનુભવ થયો. તેણે પોતાની મરણમૂડીમાંથી ૫૦૦૦ યુઆન બાળકોની ફી માટે આપ્યા અને નવેસરથી જીવન આરંભતો હોય એમ તે ફરી વાર તિઆન્જીન નગરમાં રળવા પાછો ફર્યો.

ક્યારેક કેટલાક અપવાદરૂપ માણસો પોતાની એકાદ ઇચ્છા, વિચાર અને સ્વપ્નને ફળીભૂત કરવા માટે જીવનનો દરેક શ્વાસ ન્યોચ્છાવર કરી દેતા હોય છે. તેથી તેમનો દરેક શબ્દ અને કૃત્ય જાણે એક મશાલ, એક વિદ્રોહ, એક આંદોલન બની જાય છે. તેઓ એક નવો ચીલો પાડે છે, સફળતા માટે નહીં પણ સાર્થકતા માટે. આ વખતે બાઈ ફેન્ગલીએ રેલવે-સ્ટેશન સામે જ ખોલી રાખી, જેથી તેને ચોવીસે કલાક કામ મળી રહે. તે સાવ સાદા ખોરાક અને જૂનાં વસ્ત્રો થકી પૈસા પણ બચાવી લેતો. તે પરોઢથી રાત્રિ સુધી કાળી મજૂરી કરવા લાગ્યો. ક્યારેક તો દિવસના વીસ-ત્રીસ યુઆન એકઠા કરી લેતો. ધીમે-ધીમે તેણે સ્કૂલના ત્રણસો બાળકોની ફીની જવાબદારી લઈ લીધી. ઈ.સ. ૧૯૯૬માં તેણે ત્યાં નાની હાટડી પણ લીધી જેથી આવક વધારી શકાય. એ સાલમાં તેણે વિદ્યાર્થીઓની ફીપેટે ૩૫,૦૦૦ યુઆન તો નાનકાઈ યુનિવર્સિટીમાં આપ્યા. તે નેવું વરસનો થયો ત્યારે યાઓહુઆ હાઈ સ્કૂલને ફાળો આપવા આવ્યો ત્યારે કહે, 'હવે મારાથી રિક્ષા નથી ચાલતી, હવે હું વધારે ફાળો નહીં આપી શકું. કદાચ આ છેલ્લા પૈસા છે. આશા રાખું છું બાળકોને આ મદદરૂપ થશે. ક્યારેક કામ મળી જશે તો રાષ્ટ્રની સેવા કરશે.' અને સાચ્ચે જ એમ બન્યું. આખી જિંદગી પૅડલ રિક્ષા ચલાવનાર અને છેલ્લાં પંદર વરસ તો નિષ્કામ સેવા માટે પૅડલ માર્યા કરનાર બાઈ ફેન્ગલીને ઈ.સ. ૨૦૦૫માં ફેફસાનું કૅન્સર થયું. છેલ્લા વીસ દિવસ કોમામાં રહ્યો અને આખરે ૨૩-૯-૨૦૦૫ને દિવસે શ્વાસ છૂટી ગયા. તેણે છેલ્લાં પંદર વરસમાં ૩,૫૦,૦૦૦ યુઆન બાળકોના ભણતર માટે આપ્યા.

કેળવણી તો યજ્ઞ છે, એમાં આહુતિ અનિવાર્ય છે. જાતને વહેંચવી, ખરચવી અને ઘસી નાખવી એ સાધના છે. ઉદારતાથી ખપી જવામાં પણ આત્માનું ઐશ્વર્ય પ્રગટે છે. ઍરકન્ડિશન્ડ ઑફિસમાં બેસીને શિક્ષણના ઍવૉર્ડ્સની આપ-લે કરનારા વચ્ચે આ બાઈ ફેન્ગલી અપવાદરૂપ છે. શ્રમ, પરસેવો, રક્ત અને જીવન સમર્પિત કરીને તેણે બાળકોને કેળવ્યાં. બાળકોની આવતી કાલ માટે તેણે પોતાની આજ સમર્પિત કરી. શિક્ષણના બજારીકરણના યુગમાં તેણે આત્મીકરણ કર્યું. એક નિરક્ષર કહેવાય તેવા માણસે પોતાનો જીવનઅર્થ શોધ્યો અને પુરુષાર્થ થકી સાર્થક કર્યો. ચીનની એક યાદી છે, દસ એવી વ્યક્તિઓ જેમણે ચીનના હૃદયને સ્પર્શ્યું છે. એમાં બાઈ ફેન્ગલી છે. ■



જીવન-નામા-સૌજન્ય: શ્રી સુભાષભાઈ ભટ્ટ: કોકટેલ જિંદગી અંક એપ્રિલ '૨૦૧૮

## ચાઈલ્ડ લાઈન



માર્ચ – ૨૦૧૮ દરમ્યાન ચાઈલ્ડ લાઈન હેલ્પ લાઈન ૧૦૯૮ દ્વારા કરવામાં આવેલ મુખ્ય પ્રવૃતિઓ નીચે મુજબ છે.

- ચાઈલ્ડ લાઈન પ્રચાર-પ્રસાર માટે માર્ચ મહિના દરમ્યાન ભાવનગર શહેરની ૫ શાળામાં ૧૬૦૭ બાળકો તેમજ સહજાનંદ કોલેજના ૫૦ યુવાનો તથા શાળાના અને કોલેજના આચાર્યશ્રીઓ, અધ્યાપકો અને શિક્ષકશ્રીઓ સાથે મિટીંગ કરી હતી. આ ઉપરાંત ૬ આંગણવાડીમાં ૩૧૫ બાળકો સાથે મૈત્રી ની રમતો રમાડી, તથા ચાઈલ્ડ લાઈનના પોસ્ટર, બેનર, અને પત્રિકાના માધ્યમ સાથે ચાઈલ્ડ લાઈનની કામગીરી અને કાઉન્સેલીંગ સેન્ટર અંગે વાત કરી હતી.
- માર્ચ મહિના દરમ્યાન ભાવનગર ચાઈલ્ડ લાઈન દ્વારા આઉટ રીચ દરમ્યાન ૬ કેસ, ૧૦૯૮ માં ફોન દ્વારા ૧૬ કેસ નોધાયા હતા. જેમા મુખ્યત્વે શેલ્ટર, સરકારી યોજનાઓ સાથે લીંક માટે તથા એબ્યુઝ સામે રક્ષણ અને અભ્યાસના પ્રશ્નોના કેસ હતાં.

- માર્ચ મહિના દરમ્યાનમાં ચાઈલ્ડ લાઈન દ્વારા ૧૮ કેસનું નિરાકરણ કરવામાં આવેલ અને ૪ કેસની કાર્યવાહી હાલ માં શરૂ છે.
- સંસ્થા દ્વારા રાત્રિના નાઈટ આઉટ રીચ પણ ગોઠવવામાં આવે છે. માર્ચ મહિના દરમ્યાન ટીમ દ્વારા તા. ૧૧/૦૩/૧૮ અને તા. ૩૧/૦૩/૧૮ ના રોજ ૨ નાઇટ આઉટ રીચ યોજીને શહેરોનાં ૨૨ વિસ્તારોને આવરી લીધા હતા.
- માર્ચ મહિના દરમ્યાન શહેરના વિવિધ ૧૦ વિસ્તારોમાં ગ્રુપ ચર્ચા યોજી હતી જેમા ૫૫ બાળકો તથા ૪૧ વાલીઓ હાજર રહયા હતાં. જેમા બાળકો ના વિવિધ પ્રશ્નો લઈ ગ્રુપ ચર્ચા કરી હતી. પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપવા ઉપરાંત વિસ્તારના નળ, ગટરના પ્રશ્નો, શાળા દુર હોવા અંગે, સ્પીડબ્રેકર મુકવા અંગે ચર્ચા કરી જે તે વિભાગમાં અરજીઓ કરવામાં આવી હતી.
- માર્ચ મહિના દરમ્યાન ચાઇલ્ડ લાઈન દ્વારા ચાઇલ્ડ વેલ્ફેર કમીટીની મીટીંગમાં ૪ બાળકોના કેસ રજુ કરી પ્રોસેસ કરવામાં અવી હતી.

## બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર







માર્ચ મહિના દરમ્યાન થયેલ પ્રવૃતિઓની વાત અહિંયા મૂકી છે.

- બીજીંગ ચિલ્ડ્રન્સ લીગલ એઈડ એન્ડ રીસર્ચ સેન્ટર તથા અલીબાબા ગ્રૂપ દ્વારા બાળ સુરક્ષાના મહત્વના મુદા પર આંતરરાષ્ટ્રીય સમિટનુ આયોજન ૧૬ થી ૨૭ માર્ચ દરમ્યાન ચીન ખાતે કરવામાં આવ્યું હતું, જેમા યુરોપ, આફ્રિકા તથા એશિયાના ૨૦ દેશોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતાં, આ કાર્યક્રમમાં શૈશવ સંસ્થાને આંમત્રિત કરાતા, સમગ્ર દેશમાંથી પારુલ બહેને પ્રતિનિધિત્વ કર્યુ હતું.
- લોકભારતી, સણોસરાના એમ.આર.એસના વિદ્યાર્થીઓ માટે ૭ માર્ચના રોજ બાળઅધિકાર અને કાયદાઓ અંગે શૈશવમાંથી ફાલ્ગુનભાઈએ પ્રેઝન્ટેશન સાથે વાર્તાલાપ આપ્યો હતો, જયારે અલ્પેશ ભાઈએ મૈત્રીની રમતો રમાડી હતી.

- ગૃહ ફાઈનાન્સ, અમદાવાદથી તેઓના કન્સલટન્ટ શ્રી મીના બહેન તથા શ્રી કૌશલભાઈએ ૧૦ માર્ચના રોજ શૈશવની મુલાકાત લઈ પ્રવૃતિઓ નિહાળી હતી.
- ૧૨ થી ૧૭ માર્ચ દરમ્યાન વેનલીડો–બહેનોના સ્વરક્ષણ અને સલામતીની આંતરરાષ્ટ્રીય પધ્ધતિ સાથે સંકળાયેલ તાલીમકારોના નેટર્વકનુ મિલન શૈશવના ઉપક્રમે સેવા–રુરલ ગુમાનદેવ ખાતે યોજાયું હતું.
- શૈશવની વિવિધ પ્રવૃતિઓમાં જોડાયેલા નવા કાર્યકરો માટે ૨૧ થી ૨૭ માર્ચ દરમ્યાન ઓરીએન્ટેશન વર્કશોપમાં શૈશવના કાર્યો, પ્રવૃતિઓ, મૂલ્યો, મેનેજમેન્ટ, બાળકોના અધિકાર અને કાયદાઓ અને ફિલ્ડ વર્ક અંગેની તાલીમ યોજવામાં આવી હતી.

## બાલસેના

બાળકોની સંગઠન–બાલસેનાના બાળકો સાથે માર્ચ મહિના દરમ્યાન થયેલ પ્રવૃતિઓની વાત અહીયા કરી છે.

<u>બાળ નેતૃત્વ દ્વારા બાળકો સાથે મીટીંગ અને પ્રવૃતિઓ</u>

- બાલસેના પ્રવૃતિઓ જે વિસ્તારોમાં ચાલે છે તે વિસ્તારની ટીમ સાથે ટીમના કેપ્ટન અને સક્રિય બાળ સભ્યો દ્વારા ટીમ મીટીંગમાં આગામી વેકેશન કેમ્પ, અલગ અલગ થીમ કેવી રાખવી જોઈએ તેની ચર્ચા બાળકોએ કરી હતી. જયારે બાલસેનામાં ૮ થી ૧૨ અને ૧૩ થી ૧૬ વર્ષના બાળકોના બે જુથ છે. આ જૂથમાં બાળકોને અલગ તારવી શકાય તે માટે બન્નેના અલગ સ્કાર્ફ બનાવવા કે કેમ તે અંગેની ચર્ચા કરી હતી, અને અંતિમ નિણર્ય તેઓ બાલસેના કાઉન્સીલની મીટીંગમાં લેશે. આ અલગ અલગ મીટીંગમાં કુલ ૧૫૫ બાળ સભ્યોએ સક્રિય ભાગ લીધો હતો.
- જયારે બાળકોએ નેતૃત્વ લઈ અન્ય બાળકો સાથે માર્ચ મહિના દરમ્યાન સમુહભોજન યોજી ભેદભાવથી પર થઈ એકતાની સમજણને પાકી કરી હતી, તેમજ વિવિધ રમતો દ્વારા સહજીવનના પાઠ પાકા કર્યા હતાં. આ માટે દેશી રમતો, સાંસ્કૃતિક કાર્યક્રમ, પ્રતિકાત્મક રીતે તિલક હોળીનો ઉત્સવ ઉજવ્યો હતો. લગભગ ૩૪૯ બાળકો સહભાગી થયા હતા અનો સમગ્ર આયોજન –અમલ બાળકોએ કર્યો હતો.

<u>બાલસેના કાર્યકરો દ્વારા બાળકો સાથે પ્રવૃતિઓ</u>

- બાલસેના કાર્યકરો દ્વારા વિસ્તારોમાં દર અઠવાડીયે વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવતી હોય છે. આ માર્ચ મહિના દરમ્યાન પરિક્ષાની તૈયારીઓ અને ન્યુઝ પેપર જેવા મુદ્દાઓ પર મોટી ઉમરના બાળકો સાથે તાલીમ યોજવામાં આવી હતી. જેમા ૧૬૩ બાળકો સહભાગી થયા હતાં.
- બાલસેના જે વિસ્તારમા કાર્યરત છે ત્યાં બાળ સુરક્ષા સમિતિ વાલીઓ, અને બાળકોના પ્રતિનિધિત્વ દ્વારા બનાવવામાં આવી છે. આ બાળ સુરક્ષા સમિતિઓની નિયમિત માસિક મીટીંગ ૧૦ વિસ્તારમાં યોજાઈ હતી આ મીટીંગોમાં સમિતિના ૩૩ સભ્યો ઉપસ્થિત રહયાં હતા.

- કિશોરીઓની સલામતી અને સ્વરક્ષણ માટે વિશિષ્ટ આંતરરાષ્ટ્રીય તાલીમ વેનલીડો-૧૧ માર્ચના રોજ શૈશવના કાર્યકર માનસીબ્હેન અને દક્ષાબહેન દ્વારા બેઝીક તાલીમ ૨૩ કિશોરીઓને આપવામાં આવી હતી.
- બાલસેનાની કાઉન્સીલના બાળ સભ્યોની મીટીંગ ૪ માર્ચના રોજ યોજાઈ હતી જેમા ૧૮ બાળ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતાં.

## લોકશાળા

- માર્ચ મહિના દરમ્યાન બાળકો સાથે પરિક્ષાનો 'ડર' ન રાખે તે અંગેની સમજ અને વિશ્વાસ આપી તણાવ વગર પરિક્ષાની તૈયારી કેવી રીતે કરવી તે અંગે ૧૧ માર્ચના રોજ ખાસ વાતાર્લાપ શૈશવના કાર્યકર ઉષાબ્હેન અને ભાવેશભાઈએ આપ્યો હતો. આ ઉપરાત બાળકોના વાલીઓ સાથે વ્યક્તિગત મીટીંગ કરી બાળકોને કેવી રીતે ટેકો કરી શકાય તેની ચર્ચા કરી હતી.
- માઢીયા રોડ તથા રામદેવનગરની બન્ને લોકશાળાના ૧૧૮ બાળકો શિક્ષણ ઉપરાંત બાલસેનાની જીવન ઘડતરની પ્રવૃતિઓમાં સહભાગી થયા હતાં.



શૈશવ- બી-૩, સરદાર પટેલ મ્યુનિ.શોપીંગ સેન્ટર, સરદારનગર સર્કલ,ભાવનગર-૩૬૪૦૦૧,
ફોન-૦૨૭૮-૨૫૬૮૫૬૧
email-info@shaishavchildrights.org
www- shaishavchildrights.org